| |
|---|
| **અગ્રતા ક્રમાંક : ૦૧          પ્રશ્ન ક: ૧૩૯૯**<br><br>**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી ઈમરાન ખેડાવાલા(જમાલપુર)**<br><br>**“અમદાવાદ શહેર અને જીલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ દંડ ”** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:– શ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા)** |
| **પૂરક પ્રશ્ન –(૪)**<br>ટ્રાફિકના નિયમોથી જાહેર જનતા અવગત થાય તે માટે કોઇ આયોજન કરવામાં આવે છે? જો હા તો તેની વિગતો શું છે? |
| **જવાબ: માન. અધ્યક્ષશ્રી,**<br><br>હા,<br><br>**અમદાવાદ શહેર :-**<br><br>• ટ્રાફિક ના નિયમોથી જાહેર જનતા અવગત થાય તે માટે સમયાંતરે સોશિયલ મિડીયા, એફ.એમ.રેડીયો, જંકશન પર બેનરો દ્વારા શહેરવાસીઓમાં લોકજાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે.<br><br>• ટ્રાફિક ના નિયમોથી જાહેર જનતા અવગત થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ દરમ્યાન તેમજ સમયાંતરે શાળા–કોલેજોમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે આ ઉપરાંત RTO અને રોડ સેફ્ટી ઓથોરીટીની કચેરી સાથે સંકલનમાં રહી ટ્રક ડ્રાઇવરો અને વાહન ચાલકો અને આમ જનતામાં લોકજાગ્રુતી માટે લાયન્સ કલબ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી વિવિધ કાર્યક્રમો યોજી શહેરવાસીઓમાં લોકજાગૃતિ લાવવાના પ્રયત્નો કરવામાં આવે છે. |

- ટ્રાફિક ચિલ્ડ્રન પાર્ક ખાતે વિદ્યાથીઓને ટ્રાફિકના નિયમોની જાગ્રતિ માટે ટ્રાફિક અવેરનેશના કાર્યક્રમો કરવામાં આવે છે.

**અમદાવાદ ગ્રામ્યઃ**

- આ ટ્રાફીક નિયમનનાં ભંગ બદલ મોકલવામાં આવતા ઇ–ચલણ અંગે જાણકારી આપવામાં આવે તે માટે **"વાહન ચલાવતા સમયે નિયમોનું પાલન કરો અને સુરક્ષીત રહો" – "તમે સીસીટીવી કેમેરાની નજરમાં છો"** જેવા સ્લોગન અને બેનર્સ જાહેર માર્ગો /ચાર રસ્તા પર તથા જુદા જુદા લોકેશનો ઉપર લગાડવાની કાર્યવાહી તેમજ અવાર–નવાર ટ્રાફીક જાગૃતી અંગે પ્રોગ્રામ પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ માર્ગ સલામતીના સપ્તાહના આયોજન દ્વારા ટ્રાફિક અવેરનેસ માટે નીચે મુજબના કાર્યકમો નું આયોજન થયેલ છે.
- ડ્રાયવરોની આંખ ચકાસણી તેમજ મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવે છે.
- ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમ રાખવામાં આવે છે.
- વાહનોને રેડીયમ રીફલેકટર લગાવવા જણાવવામાં આવે છે.